કેસ રજુ તારીખ –
કેસ દાખલ તારીખ –
કેસ ફેસલ તારીખ
સમય ગાળો –

વર્ષ માસ દિવસ

---

**મે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૩, મુ. અમદાવાદ.**

---

**ફોજદારી કેસ નં – ૧૪૧૭૨/૧૯**
**આંક – ૬**

ફરીયાદી – શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપી – રાકેશ ગોપાલભાઈ પટણી (ગટકાવાળા),
રહેવાસી– શાંતીનગરના છાપરા, છેલ્લા બસ સ્ટેન્ડ,
મેઘાણીનગર, અમદાવાદ.

---

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી
આરોપી તરફે

---

**ગુન્હોઃ– ઇ.પી.કો. કલમ– ૨૮૩ મુજબ.**

**–: ચુકાદો :–**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી એ તા. ૧૪/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૧૧–૩૦ વાગ્યે મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ ખાતે, જાહેર રોડ પર પોતાની માલિકીની ભંગારની ચાર પૈડાવાળી લારી ઉભી રાખી,

આવતા જતા રાહદારીઓને તેમજ ટ્રાફીકને અડચણ રૂપ થાય તે રીતે પોતાના ગ્રાહકોના વાહનો પાર્ક કરાવી અકસ્માત થવાનો ભય પેદા થતો હોય જે અડચણરૂપ ધંધો કરતા મળી આવેથી પકડાઇ જઇ ઇ.પી.કોડની કલમ– ૨૮૩ મુજબનો ગુનો કરેલ. જેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં આપતાં, પોલીસે તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો મળી આવતાં, આ કામે ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી તેની પ્લી આંક– ૨ થી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હો કબુલ ન હોવાથી આગળની કાર્યવાહી કરી હતી.

(૩) ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવોઃ</u>**

આંક– ૩, ત.ક.અ. નવનિતકુમાર હસમુખલાલની જુબાની

**<u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવોઃ</u>**

આંક– ૪, ફરીયાદ

આંક– ૫, સી.આર.પી.સી.ક. ૧૫૭ નો રીપોર્ટ

(૪) કેસની કાર્યવાહી પુર્ણ થતાં ફરીયાદી અને આરોપી પક્ષની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -:_ મુદ્દાઓ :-

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટ મુજબ ઇ.પી.કો.કલમ- ૨૮૩ અન્વયે નો સજા પાત્ર ગુન્હો કર્યો છે? |
| (૨) | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ આપુ છુ.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

## -: કારણો :-

## (૭) મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચાઃ-

હાલના કામે ફરીયાદની હકીકત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મુદ્દા પુરવાર કરવા પડે જે નીચે મુજબ છે.

(૧) આરોપીએ તેમના કબજામાંની મીલકતની વ્યવસ્થા ન કરી.

(૨) તે કારણસર આરોપીએ જાહેર માર્ગમાં અન્ય વ્યકિતઓ માટે અંતરાય ઉભો કર્યો.

ઇ.પી.કો.કલમ- ૨૮૩ ના સંદર્ભમાં એ હકીકત સમજવાની રહે છે કે, ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, જાહેર માર્ગ ઉપર જે અંતરાય ઉભો થયો છે તે આરોપીના કારણસર ઉભો થયો છે અને તે માટે ફરીયાદ પક્ષે આ અંતરાય આરોપીના દ્વારા જ ઉભો થયો છે તે હકીકત પુરવાર કરવાની રહે છે. દરેક અંતરાયથી અડચણ ઉભી થાય પરંતુ દરેક અડચણથી અંતરાય ઉભો થતો નથી. ફરીયાદ પક્ષના તમામ સાક્ષીઓની જુબાની ધ્યાને લઇએ તો પ્રથમ તો ફરીયાદ પક્ષે ફરીયાદના સંદર્ભમા કોઇ પંચનામું  કર્યુ નથી. જેથી ગુન્હાવાળી જગ્યાએ આરોપીની શું પરિસ્થિતિ

હતી તે હકીકત સ્પષ્ટ થતી નથી. ફરીયાદ પક્ષના સાક્ષીઓએ રાબેતા મુજબના ક્રમમાં અંતરાય થયો હોવાની હકીકતને સમર્થન આપ્યું છે. સ્થળ ઉપર આરોપીની સ્થિતિ, વસ્તી ગીચતા, રોડની પહોળાઇ, આરોપીનું કૃત્ય એવી તમામ હકીકતના આધાર ઉપર આરોપીએ સ્થળ ઉપર અંતરાય ઉભો કર્યો છે તે હકીકત પુરવાર કરવા માટે મહત્વની બને છે. ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવામાં આ બાબતની સ્પષ્ટતા નથી. રાબેતા મુજબના નિવેદનના આધારે ફરીયાદની હકીકત પુરવાર થયેલી માની શકાય નહી. ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં જાહેર માર્ગ ઉપર આરોપીની હવાલાની મીલકતની વ્યવસ્થા થઇ ન હોવાથી અન્ય વ્યકિતઓને અડચણ અને અંતરાય ઉભા થયા છે તે હકીકત પુરવાર થતી નથી. જેથી મુદ્દા નંબર– ૧ નો જવાબ "નકારમાં" આપી, મુદ્દા નંબર– ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: **હુકમ** : –

(૧) આ કામે આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબના શિક્ષાને પાત્ર ગુના માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે નવા જામીન અને જાતમુચરકો અપીલ સમય સુધી અમલમાં રાખવાની બાંહેધરી સાથે રજુ કરવો.

હુકમ આજ રોજ તા. ૨૭, માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૧૯
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૩, અમદાવાદ.
CODE NO. GJ01023